# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/231 Dt. 05/12/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રોડ સેફટી સેમિનાર અંતર્ગત વિવિધ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ અંગે માર્ગદર્શન અપાયું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ પાલનપુર પાટીયાની શ્રીમતી આઇ.એન. ટેકરાવાલા હાઇસ્કૂલ અને તા. ૨૦ નવેમ્બરે ઉધનાની આર.એન. નાયક હાઇસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે ટ્રાફિક અવેરનેસ સેશન્સ યોજાયા હતા, જેમાં વિદ્યાર્થીઓને હેલ્મેટ, સીટ બેલ્ટ અને લાઈસન્સના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ ટ્રાફિકના સિગ્નલ અને નાની ઉંમરે વાહન ચલાવવાથી તેમજ રોંગ સાઈડમાં વાહન ચલાવવાથી અને ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાથી થતા ગંભીર અકસ્માતોની માહિતી આપી અકસ્માતોથી બચવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. તેમજ હેલ્મેટ, સીટ બેલ્ટ અને લાઈસન્સના નિયમિત ઉપયોગની આવશ્યકતા અંગે યોગ્ય ઉદાહરણો સાથે સમજણ આપી હતી.

આ પ્રસંગે વિવિધ સ્કૂલોના ટ્રસ્ટીઓ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ તેમજ ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.